### ગોડાદરામાં ગેસલાઈનમાં ભંગાણથી ભીષણ આગમાં ચાર દાઝ્યા: કોની ભૂલ?

# DGVCLએ L&Tને નોટિસ આપી, પણ પેટા કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કેમ નહીં?

**બેદરકારી** બદલ પોલીસ ફરિયાદથી બચવા સિદ્ધાર્થ ઇન્ફ્રા પાવર લિ.ના ડિરેક્ટરના હવાતિયા

**ડીજીવીસીએલએ** મૂળ કોન્ટ્રાક્ટ એલ એન્ડ ટીને આપ્યો ને તેમણે સિદ્ધાર્થ ઇન્ફ્રાને પેટા કોન્ટ્રાક્ટ આપ્યો હતો

**સિદ્ધાર્થ** ઇન્ફ્રા ખોદકામ મશીનવાલાને સોંપી નિશ્ચિંત થઈ ગઈ હતી



સુરતઃ સુરતના ગોડાદરા વિસ્તારમાં સુપર સિનેમા નજીક શનિવારે સવારે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા કેબલ લાઈન નાંખવા માટે ખોદકામ કરવામાં આવી રહ્યું હતું, જેમાં ગંભીર બેદરકારીના પરિણામે ગુજરાત ગેસ લાઈનને નુકસાન પહોંચતાં ભયાનક આગ ફાટી નીકળી હતી. આ આગે આગળ ધપીને બાજુમાં આવેલી કુલ છ દુકાનને શિકાર બનાવી, તેમાં રાખેલા માલમસાલા સાથે દુકાનો ખાખ થઈ ગઈ હતી. આ ઘટનામાં ડીજીવીસીએલ દ્વારા તપાસ તો સોંપવામાં આવી છે, પરંતુ બેદરકારી દાખવનાર કોન્ટ્રાક્ટર પોલીસ ફરિયાદથી બચવા હવાતિયા મારી રહ્યો છે.

આ સમગ્ર ઘટનામાં જવાબદારી કોની છે તે પ્રશ્ન ઊઠે છે. સેન્ટ્રલ ગવર્નમેન્ટની સ્કીમ હેઠળ ડીજીવીસીએલના કામનો કોન્ટ્રાક્ટ એલ એન્ડ ટી (L&T) કંપનીને આપવામાં આવ્યો હતો. આ કામમાં વધુમાં વધુ નફો કમાવવાના ઇરાદાથી એલ એન્ડ ટીએ પેટા કોન્ટ્રાક્ટ સિદ્ધાર્થ ઇન્ફ્રા પાવર લિમિટેડને આપ્યો હતો. જેણે પછીથી ખોદકામ માટે મારવાડી મશીનવાલાને કામ સોંપી દીધું હતું. આ પ્રોસેસમાં જવાબદારીનું તાંતણું તૂટી ગયું અને પરિણામે લોકોના જીવ જોખમમાં મુકાયા હતા. હવે ડીજીવીસીએલ દ્વારા એલ એન્ડ ટી કંપનીને નોટિસ અપાઈ છે. સૌથી વિકટ ઘટના તે હતી કે બિલ્ડિંગમાંથી બહાર નીકળતા દંપતી અને તેમનાં બે બાળકો આગમાં ફસાઈ ગયાં. જેના કારણે ચારેય ગંભીર રીતે દાઝી ગયાં અને હાલ સ્મીમેર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ કાંડને પગલે બિલ્ડિંગના બીજા માળે રહેતા અમુક લોકોએ જીવ બચાવવા માટે ટાવર પરથી કૂદી પડવું પડ્યું હતું. જ્યારે કેટલાકને સાડીથી બાંધી નીચે ઉતારવામાં આવ્યા હતા.

### પોલીસ અને સિદ્ધાર્થ ઇન્ફ્રાના કોન્ટ્રાક્ટર પર સવાલ

આ ઘટનામાં પોલીસે કોન્ટ્રાક્ટર સામે ગુનો દાખલ કરવાનો મુદ્દો હજી સ્પષ્ટ નથી. ઘટનાને પગલે કેટલાય આક્ષેપો થઈ રહ્યા છે કે તપાસ શરૂ થવા અગાઉ જ સિદ્ધાર્થ ઇન્ફ્રા પાવર લિ.ના ડિરેક્ટર જયંતી પટેલે પોલીસ સાથે "સેટિંગ" કર્યું છે. જેથી કોઈ કાર્યવાહી ન થાય. જો કે, ડીજીવીસીએલ દ્વારા એલ એન્ડ ટી સામે શિસ્ત ભંગની કાર્યવાહી કરવાની વાત થાય છે.

### પાંડેસરાના કાર્યપાલક એન્જિનિયરને તપાસ સોંપી બે દિવસમાં રિપોર્ટ મંગાયો

આ ઘટનામાં ડીજીવીસીએલ દ્વારા પાંડેસરાના કાર્યપાલક ઇજનેરને તપાસ સોંપવામાં આવી છે. બે દિવસમાં તપાસનો રિપોર્ટ સોંપવા કહ્યું છે. સેન્ટ્રલ ગવર્નમેન્ટની આ સ્કીમનો કોન્ટ્રાક્ટ એલ એન્ડ ટીને આપ્યો છે. એલ એન્ડ ટીએ સિદ્ધાર્થ ઇન્ફ્રા પાવર લિ.ને પેટા કોન્ટ્રાક્ટ આપ્યો છે. ભલે ડીજીવીસીએલ એલ એન્ડ ટી સામે કાર્યવાહી કરશે. પરંતુ આ ઘટનામાં જવાબદાર કોન્ટ્રાક્ટર સામે પોલીસ શું પગલાં ભરશે એ જોવું રહ્યું.

### સિદ્ધાર્થ ઇન્ફ્રાના જયંતી પટેલનો પુત્ર DGVCLમાં જ ડેપ્યુટી એન્જિનિયર હતો?

સિદ્ધાર્થ ઇન્ફ્રા પાવર લિ.ના ડિરેક્ટર જયંતી પટેલ છે અને તેમનો પુત્ર જીમ્મી પટેલ ડીજીવીસીએલમાં ડેપ્યુટી એન્જિનિયર હતો. તેણે હાલમાં જ રાજીનામું આપી પિતાની કંપનીમાં જોડાયો હોવાની વાત છે. આ ઘટના અંગે જયંતી પટેલે જણાવ્યું કે, મૂળ એલ એન્ડ ટી કંપનીનો કોન્ટ્રાક્ટ છે. આ કંપનીએ તેમને કોન્ટ્રાક્ટ આપ્યો છે. આ બનાવ વખતે ગેસ કંપનીના માણસો પણ હાજર હતા, પણ ઘટના કઈ રીતે બની એ ખબર નથી.

# કઠોર ગામના ફ્લેટમાંથી સુમુલ ડેરીના શુદ્ધ ઘીનો 68 હજારનો શંકાસ્પદ જથ્થો જપ્ત

**ફૂડ** વિભાગની કાર્યવાહી, 1 લીટરના પતરાવાળા 108 ટીન કબજે લઈ સેમ્પલ લેબમાં મોકલાયાં

સુરતઃ સુમુલ ડેરી બ્રાન્ડના નામનો દુરૂપયોગ કરીને ગ્રાહકોને ઓછી ગુણવત્તાવાળું ડુપ્લિકેટ ઘીનું વેચાણ કરવાની ઘટના ફરીવાર પ્રકાશમાં આવી છે. થોડા મહિના અગાઉ જ પાલનપુર પાટિયાના હિરરામ ચૌધરીની અડાજણ પોલીસે ધરપકડ કરી હતી. અડાજણ પોલીસને બાતમી મળી હતી કે, અડાજણ વિવેકાનંદ ટાઉનશીપ સોસાયટીની સામે શિવાંજલિ કોમ્પલેક્ષમાં આઈ માતા સુપર સ્ટોર દુકાનમાં હરિરામ સોદારામ ચૌધરી, સુમુલ ડેરીમાં ઉત્પાદન થતા સુમુલ શુદ્ધ ઘીના એક લીટરના ડબ્બા સાથે ડુપ્લિકેટ ઘીના ડબ્બા તેઓની દુકાનમાં રાખી તેનું વેચાણ કરતા હોવાનું જાણવામાં આવ્યું હતું, જેને લઈ ઘીનો જથ્થો જપ્ત કરાયો હતો. હવે ફરીવાર કઠોર ગામમાં સુમુલ ઘીનો શંકાસ્પદ જથ્થો હોવાનું જાણવામાં આવતા મનપાએ નમુના લઈ ટેસ્ટીંગ માટે લેબમાં મોકલ્યા છે. 27મીએ કઠોરગામમાં એ 7, ફ્લેટ નં 408, માનસરોવર બિલ્ડીંગ, ખાતે ફૂડ ઈન્શપેક્શન વિભાગનાં ફુડ સેફ્ટી ઓફિસરો, સુમુલ ડેરીના સ્ટાફ અને કામરેજ પોલીસ સ્ટેશનનાં સ્ટાફ સાથે સંયુક્તપણે સ્થળ તપાસ કરતા અહીં સુમુલ શુધ્ધ ઘીનો શંકાસ્પદ જથ્થો હોવાનું જાણવામાં આવ્યું હતું. જેથી આ સ્થળેથી માલિક પ્રવિણભાઈ રમેશભાઈ હરખાણી પાસેથી સુમુલ શુધ્ધ ઘીના નમુના લઈ ટેસ્ટ માટે લેબમાં મોકલવામાં આવ્યા હતા. હવે રિપોર્ટ આવતા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ આ સ્થળ પરથી 1 લિટર (940 ગ્રામ) ભરતીવાળા પતરાના 1 ટીન એવા કુલ 108 સુમુલ શુધ્ધ ઘીના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. જેની અંદાજિત કિંમત રૂા. 68,040 હતી. જે કામરેજ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા જપ્ત કરવામાં આવી હતી.

### ડબગરવાડમાં ચાઇનીઝ દોરી શોધવા પોલીસનું ચેકિંગ



■ ઉતરાણ નજીક આવતા જ ઘાતક દોરીથી ગળા કપાવાની ઘટનાઓ પ્રકાશમાં આવે તેવી શક્યતા હોવાથી તેના માટે જવાબદાર ચાઇનિઝ દોરીને શોધવા માટે પોલીસે ડબગરવાડમાં તપાસ શરૂ કરી હતી. (તસવીર : હેમંત ડેરે)

# ગ્રે કાપડના વેપારી સાથે ૨.૮૯ કરોડની ઠગાઈ પ્રકરણમાં ઇકો સેલે બે આરોપીની ધરપકડ કરી

**પકડાયેલા** બંને આરોપીઓ અમદાવાદના

સુરતઃ શહેરના ભાઠેના વિસ્તારની મિલેનિયમ-4 ટેક્ષટાઇલ માર્કેટમાં દુકાન ધરાવતા ગ્રે કાપડના વેપારીને અમદાવાદ અને મહારાષ્ટ્રના દુકાનદારો તેમજ દલાલ સહિત નવ ઠગબાજોએ ગ્રે કાપડનો માલ મંગાવી પૈસા નહીં ચૂકવી 2.89 કરોડની છેતરપિંડી કરી હતી. વેપારીએ આ મામલે ક્રાઈમ બ્રાન્ચ પોલીસ મથકમાં આઠ ઠગબાજ સામે ફરિયાદ નોંધાવી છે. તપાસ કરી રહેલી ઇકો સેલ પોલીસે અમદાવાદના બે ઠગબાજની ધરપકડ કરી છે.

ઇકો સેલ પાસેથી મળતી વિગતો મુજબ શહેરના ઘોડદોડ રોડ પર સરેલા ટાવરમાં રહેતા સુરેન્દ્રનગર ઓમપ્રકાશ નારંગ, ગ્રે કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને ભાઠેના ખાતે મિલેનિયમ ટેક્સટાઇલ માર્કેટ-૪માં તેમની અલગ અલગ નામની પાંચ દુકાન છે. ૨૦૨૨માં કાપડ દલાલે અલગ અલગ વેપારીઓ સાથે સુરેન્દ્રનગરની મુલાકાત કરાવી હતી. અમદાવાદના પ્રતિષ્ઠિત વેપારીઓ છે અને સુરત શહેરમાં ઘણી બધી પાર્ટીઓ પાસેથી ઉધારમાં ગ્રે કાપડનો માલ ખરીદી સમયસર પૈસા ચૂકવી આપે છે તેવો વિશ્વાસ દલાલે આપ્યો હતો.

ત્યારબાદ સુરેન્દ્રનગર પાસેથી પણ અલગ અલગ સમયે માલ ખરીદી સમયસર પૈસા ચૂકવી વિશ્વાસ સંપાદન કર્યો હતો. જો કે ત્યારબાદ મહારાષ્ટ્રનો એક વેપારી તથા અમદાવાદના કાપડ દલાલ સહિત કુલ આઠ વ્યક્તિએ ભેગા મળીને સુરેન્દ્રનગર પાસેથી એપ્રિલ ૨૦૨૨ થી જાન્યુઆરી ૨૦૨૪ના સમયગાળા દરમિયાન કુલ રૂપિયા ૨.૮૯ કરોડના માલની ખરીદી કરી હતી, પરંતુ તેનું પેમેન્ટ ટલ્લે ચઢાવી દીધું હતું. ગલ્લાંતલ્લાં કરી માત્ર સમય પસાર કરતાં આખરે અવારનવાર સુરેન્દ્રભાઈએ ફોન કરી પૈસાની ઉઘરાણી કરી, તો ફોન ઉપાડવાના બંધ કરી દીધા હતા અને પોતાની દુકાનો પણ બંધ કરીને ફરાર થઇ ગયા હતાં. જેથી વેપારીએ આ મામલે સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસે કુલ નવ લોકો સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરી વધુ તપાસ ઇકો સેલ દ્વારા શરૂ કરવામાં આવી છે. તપાસ દરમિયાન ઇકો સેલે આ કરોડો રૂપિયાના ચીટિંગ પ્રકરણમાં અભિષેક નરેશભાઇ માળી (ટાંક) રહેવાસી. જાનકી રો હાઉસ ડુપ્લેક્ષ સેન્ટ મેરી સ્કુલ નવા નરોડા અમદાવાદ) તથા વિજય ભગાજી માળી (ટાંક) રહેવાસી. જાનકી રો-હાઉસ, સાંઇચોક, નવા નરોડા, અમદાવાદ)ની ધરપકડ કરી છે.

# સુરત મહાનગરપાલિકાની વેરા વસૂલાત 53.70 ટકાએ પહોંચી

**2390** કરોડના મિલકત વેરાના લક્ષ્યાંક સામે 1283 કરોડની વસૂલાત

**વરાછા** એ ઝોન 58.32 ટકા સાથે અગ્રેસર : 39.36 ટકા સાથે સેન્ટ્રલ ઝોન તળિયે

સુરતઃ ચાલુ નાણાકીય વર્ષના હજુ ત્રણ મહિના બાકી છે ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા મિલ્કત વેરા વસૂલાતની કામગીરી 53.70 ટકા કરી દેવાઈ છે. સુરત મહાનગરપાલિકાએ 2390 કરોડના મિલકત વેરાના લક્ષ્યાંક સામે 1283 કરોડની રકમ મનપાની તિજોરીમાં જમા કરાવી દીધી છે. બાકી મિલકતદારો સામે આક્રમક કામગીરી હાથ ધરી છે. અત્યાર સુધી વેરા વસૂલાતમાં વરાછા એ ઝોન 58.32 ટકા સાથે અગ્રેસર અને 39.36 ટકા સાથે સેન્ટ્રલ ઝોન તળીયે જોવા મળ્યું છે. ઓક્ટ્રોય નાબુદી બાદ મિલકત વેરો મનપાની આવકનો મુખ્ય સ્ત્રોત બની ગયો છે. જેના કારણે મહાનગરપાલિકા દ્વારા મિલકત વેરાની આવક વધે તે માટે રિવાઈઝ આકારણી સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. આ નાણાકીય વર્ષમાં પાલિકાના મિલકત વેરાનો લક્ષ્યાંક 2390 કરોડનો હતો, જેમાં 27 ડિસેમ્બર સુધીમાં મનપાએ 1283 કરોડની વસૂલાત કરી દીધી છે.

**ક્યા ઝોનમાં કેટલી ડિમાન્ડ સામે કેટલી વસૂલાત?**

| ઝોન | ડિમાન્ડ | વસુલાત | ટકાવારી |
|---|---|---|---|
| વરાછા એ | 315.62 | 184.07 | 58.32 |
| કતારગામ | 283.78 | 164.34 | 57.91 |
| રાંદેર | 205.94 | 117.11 | 56.87 |
| વરાછા-બી | 152.63 | 86.66 | 56.78 |
| લિંબાયત | 314.59 | 174.68 | 55.53 |
| અઠવા | 292.77 | 160.62 | 54.86 |
| ઉધના-એ | 442.74 | 239.16 | 54.02 |
| ઉધના-બી | 73.92 | 35.63 | 48.21 |
| સેન્ટ્રલ | 308.60 | 121.47 | 39.36 |
| **કુલ** | **2390.59** | 1283.76 | 53.70 |

# વાયદાનો વેપાર: 1 ફેબ્રુઆરી સુધી 50 વેપારી SDBમાં ઓફિસ શરૂ કરી દેશે

**SDB** કમિટીએ સુરત ડાયમંડ એસો.ની ઓફિસે વિશેષ મીટિંગ કરી વેપારીઓને પ્રોત્સાહિત કર્યા

**152** કેબિનો નાના હીરાના વેપારીઓને એલોટ કરાશે, 1700 ડાયમંડ બ્રોકર્સે રજિસ્ટ્રેશન કરાવ્યું




સુરતઃ નવા વર્ષની 15મી જાન્યુઆરીથી સુરત ડાયમંડ બુર્સ ધમધમતું કરવા આજે સવારે સુરત ડાયમંડ એસોસિએશનની ઓફિસે સુરત ડાયમંડ બુર્સના ચેરમેન ગોવિંદભાઈ ધોળકિયા સહિતના કમિટી મેમ્બર્સે વરાછા મીની બજારનાં 40 થી 50 જેટલા વેપારીઓ સાથે બેઠક યોજી હતી. આ વેપારીઓને SDBમાં ઓફિસ શરૂ કરવા સમજાવાયા હતાં. આ વેપારીઓએ 15 જાન્યુઆરીથી 1 ફેબ્રુઆરી 2024 દરમિયાન ઓફિસ ચાલુ કરવા માટે બાંહેધરી આપી હતી. આજે સવારે 11:00 કલાકે સુરત ડાયમંડ એસોસિએશનની ઓફિસ પર SDB મેનેજમેન્ટ કમિટીની મીનીબજારના હિરા વેપારીઓ સાથે મહત્વપૂર્ણ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત ડાયમંડ બુર્સનાં વાઇસ ચેરમેન લાલજીભાઇ પટેલે જણાવ્યું હતું કે, "આ મીટિંગમાં સુરત ડાયમંડ બુર્સમાં ઓફિસ ચાલુ કરવા અને તેને ધમધમતું કરવા અંગે ચર્ચા કરતા સૌએ ઉત્સાહ બતાવ્યો હતો. વધુ વિગત આપતા કમિટીએ જણાવ્યું હતું કે સુરત ડાયમંડ બુર્સમાંથી વધારેમાં વધારે લોકો ટ્રેડિંગ કરી શકે તે હેતુથી નાના વેપારી મિત્રો માટે 152 જેટલી કેબિનો બની રહી છે, જેનું કામ ચાલુ છે અને 15 જાન્યુઆરી 2025 સુધીમાં એલોટ કરી દેવામાં આવશે, ત્યારબાદ ત્યાં પણ બિઝનેસ કાર્યરત થઈ જશે.

મીની બજારના વેપારી મિત્રોએ સાથે મળીને નિર્ણય લીધો છે કે 15 જાન્યુઆરી 2025 થી 1 ફેબ્રુઆરી 2025 સુધીમાં સુરત ડાયમંડ બુર્સમાં ઓફિસ/કેબિન શરૂ કરી હીરાનો વેપાર શરુ કરી દેશે. 1700 જેટલા ડાયમંડ બ્રોકરનું રજીસ્ટ્રેશન પણ કરવામાં આવ્યું છે. આ મીટિંગમાં સુરત ડાયમંડ બુર્સના ચેરમેન અને રાજ્ય સભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા, વાઈસ ચેરમેન લાલજીભાઈ પટેલ, પ્રમુખ અરવિંદભાઈ શાહ (ધાનેરા), ઉપેશભાઈ શાહ, કેશુભાઈ ગોટી તેમજ સુરત ડાયમંડ એસોસિએશનના પ્રમુખ જગદીશભાઈ ખૂંટ, સંસ્થાના હોદ્દેદારો, કારોબારી સભ્યો, અન્ય મહાનુભાવો અને વેપારી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# રાંદેરના યુવકે શેરબજારમાં કમાણીની લાલચમાં ઓનલાઈન 89 હજાર ગુમાવ્યા

સુરતઃ રાંદેરના પાલનપુર જકાતનાકા વિસ્તારમાં રહેતા યુવકને શેર બજારમાં રોકાણ કરવાથી સારો નફો કરાવી આપવાનો વિશ્વાસ કેળવી ઠગબાજોએ ઓનલાઈન રૂ.૮૯ હજાર ટ્રાન્સફર કરાવી પડાવી લીધા હતા.

રાંદેર પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ શહેરના પાલનપુર જકાતનાકા પ્રશાંત સોસાયટીમાં રહેતા શૈલેષ બળદેવભાઈ રાઠોડ, સિટીલાઇટ ખાતે મિસ્ટર ડીઆઈવાય કંપનીમાં સ્ટોર મેનેજર તરીકે નોકરી કરે છે. શૈલેષને અજાણ્યા મોબાઈલ નંબરથી વાત કરનાર જગદીશ, નેહા, મનોજ, રવિ, વિપુલ, જાવેદે શેરબજારમાં રોકાણ કરવાથી સારો નફો મળશે તેવી લોભામણી સ્કીમ આપી હતી અને ત્યારબાદ ૯ મે થી ૧૩ જુન સુધીમાં ટુકડે ટુકડે ઈન્ડીયન ઓવરસીસ બેન્કના ખાતામાં ઓનલાઈન ૮૯ હજાર ટ્રાન્સફર કરાવી લીધા હતા.

ત્યારબાદ તેમણે કોઈ નફો કે પોતાના ટ્રાન્સફર કરેલા પૈસા પણ પરત નહીં આપી છેતરપિંડી કરી હતી. બનાવ સંદર્ભે યુવકે આ અંગે ફરિયાદ નોંધાવતા રાંદેર પોલીસે ઠગબાજ ટોળકી સામે ગુનો નોંધ્યો છે.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 (1474)

**પાણીની ટાંકીની**
કેમીકલ મશીન દ્વારા ચોક્કસાઈપૂર્વક સફાઈ. એક્યુરેટ ક્લિનર 9724267881 (1494)

**મિલ્કત વેચવાની છે**

**સીટીલાઈટમાં કોર્નરનું**
ગ્રાઉન્ડ + બે માળનું મકાન વેચવાનું છે. 9376925382 (1402)

**ફ્લેટ વેચવાનો છે**
2 BHK D 103 વેરીબી વિક્ટોરીઆ ફીક્ષ ફર્નીચર સાથે રાંદેર 9925714219 (1365)

**અરજન્ટ ઓફિસ**
વેચવાની છે ફુલી ફર્નિસ ઓફિસ વેચવાની છે. 1500 Sq. Ft. લાલભાઈ કોન્ટ્રાક્ટર કોમ્પલેક્ષ, પારસી લાયબ્રેરીની સામે નાનપુરા સુરત. 395001 M. 9825092156 (1481)

**તાકીદે વેચવાની છે.**
નિર્મલ હોસ્પીટલની બાજુમાં, મેઈનરોડ પર, પશાકા બિલ્ડીંગ, પહેલા માળે, 800 ચો. ફૂટ, ઓફીસ, ધંધા, નર્સિંગહોમ, બેન્કને લાયક, (દલાલોએ તસ્દી લેવી) 6354237411 (1489)

**વેચવાના બંગલો**
ઉધનામા ઝાંસી કી રાની ગાર્ડન પાસે 270 વારનો, ગ્રાઉન્ડ 2 BHK - I 1 BHK નવો પ્લોટ 185 વારનો ટાઈટલ ક્લીયર દલાલ માફ M 9825343557 (1484)

**2 માળનું મકાન**
વેચવાનુ છે હરીપુરા, ભવાનીવડ, સુરત કોન્ટેક્ટ- ૯૮૨૫૧૨૫૨૦૧

**જમીન વેચવાની છે**
કટંબી તા. વાઘોડિયા 9825203511

**દુકાન વેચવાની છે**
૮૪૨ ફૂટ, ગ્રાઉન્ડ ફ્લોર, ગૌરવપથ મેઈનરોડ પર, વણકલા, અડાજણ 9825203511

**પાલમાં 238 વારનો**
પ્લોટ વેચવાનો છે. દલાલ માફ. 9601662923

**પ્લોટ રોહાઉસ બંગલા**
વેચવાના છે આનંદમહલ, હનીપાર્ક, મોરાભાગળ, જહાંગીરાબાદ બ્રોકર પરેશભાઈ ૯૮૨૫૬૪૦૬૧૮ (1493)

**વલસાડ ઈસ્ટ**
માંગલ્યમ મેડોઝ ચાણવાઈ રાબડા રોડ, ૩ બેડરૂમ, ૪ બાથરૂમ, ૧૩૮૭ ફુટનુ રોહાઊસ જે Lawn તેમજ ક્લબ હાઉસની સામે વેચવાનો છે. સંપર્કઃ 9892565909

**કીમમાં આશિયાના**
સોસાયટીમાં 14X45 ફૂટનો માત્ર 21 લાખમાં વેચવાનો. માલિક 9892852411

**ખેતીની જૂની**
શરતની 7.50 વીઘા જમીન. મોટી નહેરની બાજુમાં, સુરત, માંગરોળ તાલુકામાં વેચવાની. 9892852411.

**કતાગામમાં**
પરિમલ એપાર્ટમેન્ટમાં 2 BHK વેચવાનો છે કીંમત : 13 LK 8141277937

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલામાં પ્લોટ**
લેવા/ વેચવા તથા ભાડેથી આપવાનાં છે (સિદ્ધાર્થ શાહ)- 9998227450 (સતીશ શાહ)- 9825127450 9898027450 (1440)

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500

**Property વેચવાનુ**
/ જોઈએ Plot- Bunglow - રોહાઉસ ફ્લેટ જમીન પીપલોદ વેસુ ડુમસ પાલ અલથાણ સીટીલાઈટ પાર્લે- ઘોડદોડ 9227904488

**ફાર્મ હાઉસ વેચવાનું છે**
કુદરતી સૌંદર્યમાં નદી કિનારે, આંબાનાં ઝાડો સાથેનું. રેડી પઝેશનમાં
9099654868

**નોકરી વિષયક**

**જોઈએ છે**
કાપોદરા વિસ્તારમાં ડાયમંડ ઓફીસમા ડેટા એંટ્રી લોટીંગ તેમજ કાટી પર વજન કરતા આવડતું હોય તેવી લેડીઝ ૯૯૭૪૮૩૦૩૯૫

**જોઈએ છે**
ગ્રાફિક્સ ડિઝાઈનર ઉધના દરવાજા M. 9925196819

**વિવિધ બેંક/ ફાયનાન્સના**
લોન ટેલિ માર્કેટિંગ માટે અનુભવી ટેલીકોલર જોઈએ. (પગાર 20000 સુધી + ઈન્સેન્ટીવ) Mob. No. 9725050164

**જોઈએ છે**
મ્યુચ્યુફંડ તેમજ ઈન્સ્યુરેન્સના વેચાણ માટે ગ્રેજ્યુએટ સ્ટાફ ફિલ્ડના જાણકારને પ્રથમ પસંદગી રૂબરૂ મળો. પ્રશાંત ફિનાન્સિયલ સર્વિસ. C- 310, ITC બિલ્ડીંગ મજુરાગેટ સુરત. 8905920390, 9376820390 (1496)

**જગ્યા વેચવાની છે**
પાર્ટી અમેરિકા શીફ્ટ થવાની હોય વ્યાજબી ભાવે વેચાણથી આપવાની છે.
મેઈનરોડ ટચ, 12368 ચો.મી.
એન.એ.પાસ, ટાઈટલ ક્લીયર
ગામ : બોરીયા તા. મહુવા, જિ. સુરત
98250 88807
98250 54939

**વાપીમાં કડોદરાની**
add એજન્સી માટે પેમેન્ટ કલેક્શન અને માર્કેટિંગ કરી શકે એવા માણસની જરૂર છે. 9925108885

**HIRING..!!!**
ARCHEZY is looking for fluent English-speaking Female Telecallers to join our dynamic team! Job Type: * Work from Home – Up to 12,000 per month * Work from Office – Start with 15,000 per month Interested Candidate send your resume on 9978636919

**જોઇએ છે**
મેલ / ફીમેલ, ફુલટાઈમ કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી માટે - મીનીમમ 1 વર્ષના અનુભવી - અમીષા ટેક્સટાઈલ પ્રાઈવેટ લીમીટેડ, ન્યુ બોમ્બે માર્કેટ, ઉમરવાડા, સુરત, મો. 9825929900, બાયોડેટા મોકલવા માટે- vijayvaghaniconsultant@gmail.com

**મિલ્કત ભાડેથી**

**શેડ ભાડે આપવાનો**
છે. સચીન GIDC, ગ્રાઉન્ડ ફ્લોર, 4100 સ્કેવર ફીટ, RCC બાંધકામ, 8154045450 (1490)

**ઉધના ચાર રસ્તા**
ઉપર મોકાની જગ્યા 2800sf ભાડેથી આપવાની છે. 9374535403 (1497)

**નાની ઓફિસ ભાડેથી**
આપવાની ઓનલાઇન/ કોસ્મેટિક સપ્લાય/ મોડલિંગ અન્ય ટ્રેડ હાઉસ, રિંગરોડ 9228207838

**મિલ્કત ભાડે -વેચાણ**

**2 BHK ફ્લેટ**
વેચવાનો/ ભાડેથી આપવાનો છે. ફુલ્લી ફર્નીશ્ડ ગૌરવપથ રોડ. ૯૮૨૫૦૪૧૯૦૩ 9825041903

**વાહન લે-વેચ**

**જોઈએ છે**
TVS જ્યુપીટર ગાડી પાંચ થી સાત વર્ષ જુની M. 9106793396 (1483)

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**ન્યુ તિરૂપતિ ટુરિઝ્મ**
પ્રયાગરાજ કુંભ, બનારસ, અયોધ્યા, ચિત્રકુટ ખજુરાહો 26 જાન્યુઆરી દિવસ- 7 સ્લીપર 9979732530

**(સાગાર) 9427113317**
(31- ડિસેમ્બર) ખાનવેલમાં નાઈટ, દમણ, તીખુ ભોજન, ઉજ્જૈન, ઓમકારેશ્વર (1480)

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
રેલ્વે 2x2 દ્વારા ડીસેમ્બર જાન્યુઆરી ફેબ્રુઆરી માર્ચના પ્રવાસો માતા વૈષ્ણોદેવી પટનીટોપ દિ- ૦૮ રોયલ કાશ્મીર (કાશ્મીરમાં ૬ નાઈટ) દિ- ૧૧ સિમલા મનાલી ડેલહાઉસી દિ. ૧૨ સંપૂર્ણ દક્ષિણ ભારત (સ્લીપરબસ) દિ- ૨૪ દક્ષિણ ભારત તિરૂપતિ રામેશ્વર કન્યાકુમારી ઊટી માયસોર દિ- ૧૧ નેપાળ, જગન્નાથપુરી દાર્જીલીંગ ગેંગટોક કલકતા દિ- ૧૮ હરિદ્વાર ઋષિકેશ મસુરી દિ- ૬ ઉત્તરાખંડ ચારધામ યાત્રા તા. ૨૯/૪/૨૫ દિ- ૧૪ બુકીંગ ચાલુ છે. સંપૂર્ણ સગવડતા સહિત મળો દીપકભાઈ બોડીવાલા ૫- યોગી કોમ્પલેક્ષ, ન્યુ રાંદેરરોડ, સુરત 9825144143 (1300)

**ક્ષેત્રપાળ ટૂર્સ**
(સ્લીપર બસ દ્વારા કુંભસ્નાન સાથે ચિત્રકુટ, અયોધ્યા કાશી, ઉજ્જૈન, ઓકારેશ્વર દર અઠવાડિયે જાન્યુઆરી, ફ્રેબુઆરી) (કલકતા, ગંગાસાગર, જગન્નાથપુરી, 27-03) (કચ્છ રણોત્સવ 07-01) )(કામાખ્યા, બૌધગયા, પ્રયાગરાજ, બૈજનાથ જ્યોર્તિલિંગ, 21-02)(નેપાળ,પશુપતિનાથ, પોખરા, 08-02, 24-03) (સંપૂર્ણ દક્ષિણ ભારત 25-03) (વૈષ્ણોદેવી, શિવખોડી, અમૃતસર 03-02, 24-03) )(હૈદરાબાદ, શ્રીશૈલમ, તિરુપતિ, વૈલ્લોર 28-01) 9825105053, 9824422116 (1495)

**સાંઈયાત્રા**
ઉત્તરાણ સ્પેશિયલ જેસલમેર, આબુઅંબાજી, સમડેઝર્ટ, રામદેવરા, જોધપુર. 4 દિવસ 10/1. સ્લીપર. 9824123641

**મહેક ટ્રાવેલ્સ**
(1) રોયલ કાશ્મીર, દિવસ- 10. તારીખ- 10/2, 25/2, 18/3, 10/4. 21/4 (2) સિમલા, મનાલી, દિવસ- 11. (3) રોયલ કેરેલા, દિવસ- 9, ચારધામ ગ્રુપ/ કસ્ટમાઈઝ પેકેજનું આયોજન કરી આપીશું, મળો- મુકેશભાઈ કાપડીયાઃ 9428993000, 9426813737 (1486)

**લગ્ન વિષયક**

**કર્ણાવતી મેરેજ બ્યુરો**
તમે અમને બાયોડેટા આપો. અમે તમને પસંદગીના પાત્રો આપીશુ. યુવતિઓ માટે વિના મુલ્યે. તમામ જ્ઞાતિના લોકલ તેમજ NRI પાત્રો આવકાર્ય. કાન્તિભાઇ વિકાણી (નિવૃત બેંક મેનેજર) M/W- 9409057024

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.